સને વર્ષ-૨૦૧૯-૨૦ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં "શુધ્ધિકરણ કરાયેલ અશુદ્ધ પાણીના પુનઃ ઉપયોગ બાબત" અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- બીયુડી-૧૦૨૦૧૯-૨૬૯૧૪૯-ખ-૩,
સચિવાલય, ગાંધીનગર,
તા. -૦૮-૨૦૧૯ 5 SEP 2019

**વંચાણે લીધાઃ-**

૧. નાણાં વિભાગના તા.૨૪/૦૯/૨૦૧૯ના પરિપત્ર નં.અપબ-૧૦૨૦૧૯-૪૩૯-ક
૨. ગુ.પા.પુ.અને ગ.વ્ય. બોર્ડનો તા.૨૫-૦૬-૨૦૧૯ના પત્ર ક્ર જા.નં./મોનીસેલ/પીબી-૨/વર્ષ ૨૦૧૯-૨૦/નવી બાબતો/કેમ્પ.

**પ્રસ્તાવનાઃ-**

ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તા૨૮-૫-૨૦૧૮ના રોજ ગટરના શુધ્ધિકરણ કરાયેલા પાણીના પુનઃઉપયોગ અંગેની નીતી જાહેર કરવામા આવેલ. આ નીતિનું ધ્યેય ગટરના ગંદા પાણીનું મહત્તમ એકત્રીકરણ કરી તેનુ શુધ્ધિકરણ કર્યા બાદ શુધ્ધિકરણ કરેલ પાણીના લાંબાગાળાની નીતિ મુજબ ઉપયોગ કરવો જેથી શુધ્ધ પાણીના જળસંસાધનો પરની નિર્ભરતા ઘટાડી શકાય, અને શુધ્ધિકરણ કરાયેલ પાણીને આર્થિક સ્ત્રોત તરીકે પ્રસ્થાપિત કરી શકાય.

જાહેર કરાયેલ નીતિ મુજબ શુધ્ધિકરણ કરાયેલ પાણીનો પુનઃઉપયોગ થર્મલ પાવર પ્લાન્ટ, ઔદ્યોગિક એકમો, બાંધકામ ક્ષેત્ર, વાણિજ્ય સંકુલો અને સંસ્થાઓ, મ્યુનિસિપલ વપરાશ જેવા કે, ઉદ્યાનો અને બગીચાઓની જાળવણી અને શહેરી લેન્ડસ્કેપિંગ વિકસાવવા, તળાવો અને નદીઓનું પુનઃ સજીવન, અગ્નિશમન,ખેતી/સિંચાઇ માટે, અન્ય બિનપીવાલાયક હેતુઓ માટેના વપરાશમાં લેવાનું રહે છે.

વર્ષ ૨૦૧૯-૨૦ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં "શુદ્ધ કરાયેલ અશુદ્ધ પાણીના પુનઃઉપયોગ રૂ.૧૯૯૦૦.૦૦/-લાખની જોગવાઈ SHPCમાં મંજૂર થયેલ પ્રોજેક્ટ માટે નવી બાબત" અંગેની રૂ. બાબતની દરખાસ્ત સંદર્ભ-૨ના પત્રથી મળેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

Scanned by CamScanner

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે પાણી પુરવઠા પ્રભાગની માંગણી નં ૬૭, મુખ્ય સદર ૪૨૧૫ પેટા મુખ્ય સદર -૦૧, ગૌણ સદર-૧૦૧, પેટા સદર-૦૪- હેઠળ "શુધ્ધિકરણ કરાયેલ અશુદ્ધ પાણીના પુન: ઉપયોગ બાબત"ની રૂ.૧૯૯૦૦.૦૦/- લાખની નવી બાબતને ખર્ચ કરવા માટે નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) ટેન્ડર પ્રોસેસીંગમાં આ કામના સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના આપેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ -૧૦૨૦૧૫-૧૪૦૭-ચ, તા.૦૩/૦૬/૧૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫- ૬૯૧૦૯૩-ચ તથા તા.૦૪/૧૦/૧૭ના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-છમાં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આલેખન અને નકશા પર સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૬) રજૂ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએથી ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૭) સૂચિત કામો મનરેગા હેઠળ લેવાના થતાં હોય તો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજુરો દ્વારા જ કરવામાં આવે તેની અચૂક તકેદારી લેવાની રહેશે.

(૮) પ્રસ્તુત કામગીરી માટે જરૂરી હોય ત્યાં ડીટેઈલ સર્વે, ઈન્વીસ્ટીગેશન તથા જ્યાં જરૂરી હોય ત્યાં લોક સહકાર,વનવિભાગની પૂર્વમંજૂરી, જમીન સંપાદન મેળવ્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાનો રહેશે. પ્રસ્તુત કારણોસર સમય મર્યાદા વધારાના કિસ્સામાં ટેન્ડરના કોઈ પણ ક્લોઝની જોગવાઈથી નાણાકીય ચૂકવણાની મંજૂરી આપી શકાશે નહી.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ડો. ધીમંત બી.વ્યાસ )

મુખ્ય ઇજનેર અને અધિક સચિવ (યોજના)

Scanned by CamScanner

પ્રતિ-

1) માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર (પત્ર દ્વારા)
2) સભ્ય સચિવશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય. બોર્ડ, ગાંધીનગર.
3) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વાસ્મો, ગાંધીનગર.
4) એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ, ગુજરાત.
5) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
6) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

નકલ રવાના:-

1) અધિક મુખ્ય સચિવશ્રી(નાણા વિભાગ), ના રહસ્ય સચિવશ્રીસચિવાલય, ગાંધીનગર
2) અગ્રસચિવશ્રી(પા.પુ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
3) સચિવશ્રી(આ.બા.)નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
4) સચિવશ્રી(ખર્ચ)નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
5) નાણા સલાહકારશ્રી(જ.સં), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6) ઉપસચિવશ્રી(બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7) સેક્શન અધિકારીશ્રી(બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8) પસંદગી ફાઈલ.

Scanned by CamScanner